જા.નં./મા-૨/૨૦૨૪/ ૧૭૭૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨ /~~૦૬~~ ૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
**સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ**
જિ - સુરત.

આ સાથે સામેલ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સરથાણા, સુરતનો તા.૧૮/૦૬/૨૦૨૪ પત્ર અન્વયે તમામ શાળાઓએ ચુસ્તપણેઅમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

आज़ादी का अमृत महोत्सव

ટેલી નં : ૦૨૬૧-૨૯૧૩૮૨૦, ૯૪૨૬૮૦૨૮૨૦

ઇ-મેઇલ : zsb_srt@rediffmail.com

જસકસ/૨૩૬/સકછ/સુરત/૨૦૨૪

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,
ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સી પાછળ
સરથાણા, સુરત - ૩૯૫ ૦૧૩

તારીખ : ૨૯ જુન ૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨
અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૧

વિષય : પૂર્વ સૈનિકો અને સ્વ.પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો માટે સુરત ખાતે નવનિર્મિત ગૌરવ સેનાની કુમાર છાત્રાલયમાં એડમીશન લેવા બાબત

સંદર્ભ : અત્રેની કચેરીના તા. ૨૪ એપ્રીલ ૨૦૨૪ ના પત્ર ક્રમાંક જસકસ/૨૩૬/સકછ/સુરત/૨૦૨૪

શ્રીમાન,

૧. ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો કે જેઓ સુરત ખાતે આવેલ શૈક્ષણીક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેમને રહેવા અને જમવા માટે અત્રેની કચેરી હસ્તકના ગૌરવ સેનાની ભવન ખાતે સૈનિક કુમાર છાત્રાલયનું નિર્માણ કરવામાં આવેલ છે. આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ શાળાઓ/કોલેજોમાં અભ્યાસ કરતા પૂર્વ સૈનિકોના સંતાનોને આ છાત્રાલયમાં એડમિશન મેળવવા માટેની માહિતીની બહોળી પ્રસિધ્ધી કરવા અત્રેથી વિનંતી છે.

૨. વધુમાં આ છાત્રાલયમાં એડમીશન મેળવવા ઈચ્છૂક માતા-પિતાએ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી નમુના મુજબનું એડમીશન ફોર્મ મેળવી ને સતવરે જમા કરવા તેમજ વધુ વિગત માટે ટેલિફોન નંબર ૦૨૬૧-૨૯૧૩૮૨૦ / ૯૪૨૬૮૦૨૮૨૦ ઉપર સંપર્ક કરવા જણાવવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
આવક નંબર : ૩૮૯૭
તારીખ :
સંખ્યા :
સહી :

આપનો વિશ્વાસુ,

(દિવ્યેશકુમાર સી. મુરલીવાલા)
મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને
પુનર્વસવાટ અધિકારી, સુરત